# ભારત પાસે સ્પિનરો સારા, પણ સારી સ્પિન રમનારા બેટ્સમેનો નથી : સાઈમન ડૂલ

**ન્યૂઝીલેન્ડ** સામે ઘરઆંગણે 69 વર્ષ પછી ટેસ્ટ સિરીઝ હારેલી ભારતીય ટીમ પર માજી ક્રિકેટરો અને ચાહકોએ માછલા ધોયા



પુણે, તા. 27 : ભારતીય ટીમ સતત બીજી મેચ હાર્યા બાદ 12 વર્ષ બાદ ઘરઆંગણે ટેસ્ટ સિરીઝ હારવાનું કલંક તેમના માથે ચોંટી ગયું છે. ત્યારે એકતરફ માજી ખેલાડીઓએ તેમની ટીકાઓ કરી છે તો બીજી તરફ હારને કારણે રોષિત ક્રિકેટ ચાહકોએ તો ગૌતમ ગંભીરને હાંકી કાઢવાની માગ ઉઠાવી હતી. આવા સમયે ન્યૂઝીલેન્ડના માજી ઝડપી બોલર સાઈમન ડૂલે સ્પિનરો સામે ભારતીય બેટ્સમેનોની નબળાઈ તરફ અંગુલી નિર્દેશ કરીને તેમના કારણે ભારતની આ શરમજનક સ્થિતિ સર્જાઇ હોવાનું નિવેદન કર્યું હતું.

ડૂલે મીડિયાને કહ્યું હતું કે ભારતીય બેટ્સમેન સ્પિનના સારા ખેલાડી છે તે ખોટી માન્યતા છે. મને લાગે છે કે તેમની પાસે વધુ સારા સ્પિનરો છે અને તેઓ વિરોધી બેટ્સમેનોની નબળાઈઓને ઉજાગર કરવામાં સક્ષમ છે. પરંતુ પુણેમાં મિચેલ સેન્ટનરના શાનદાર પ્રદર્શને તેમના બેટ્સમેનોની નબળાઈઓ ખુલ્લી કરી દીધી છે. મને લાગે છે કે તમને આવી સારી વિકેટો પર રમવાની આદત તો છે. પરંતુ જ્યારે પિચ બદલાવા લાગે છે ત્યારે તેમની નબળાઈ છતી થાય છે. ભારત લાંબા સમયથી ટર્નિંગ વિકેટ પર રમી રહ્યું છે. તેમની પાસે હજુ પણ રવિચંદ્રન અશ્વિન અને રવિન્દ્ર જાડેજા વિશ્વના શ્રેષ્ઠ સ્પિનરો છે. પણ તેમની પાસે સ્પિનને સારી રીતે રમી શકે એવા બેટ્સમેનો હવે નથી.

ડૂલે જો કે આ મામલે વિરાટ કોહલીનો આડકતરો બચાવ કરતા કહ્યું હતું કે સ્પિન સામે કેટલીક સમસ્યાઓ છે, પરંતુ તે એકમાત્ર એવો બેટ્સમેન નથી જે સ્પિનરોને સારી રીતે રમી શક્યો નથી. આ તરફ ભારતની હારથી રોષિત ક્રિકેટ ચાહકોએ આઈપીએલના કોચ ઈન્ટરનેશનલ ક્રિકેટમાં નહીં ચાલે અને ગંભીરને હાંકી કાઢો એવા મેસેજીસનો સોશિયલ મીડિયા પર મારો ચલાવ્યો હતો, તો કેટલાકે ગંભીર અને રોહિતની વ્યુહરચના સામે સવાલો ઉઠાવ્યા હતા.

# શમીની ગેરહાજરી ભારત માટે મોટો આંચકો: ઓસ્ટ્રેલિયન કોચ

**ઓસ્ટ્રેલિયા** પ્રવાસમાં ભારતને શમીની ખોટ વર્તાશે પણ અમે નવા બોલર્સને હળવાશમાં લઈશું નહીં: મેકડોનાલ્ડ



સિડની, તા. 27 (પીટીઆઈ): ઓસ્ટ્રેલિયાના મુખ્ય કોચ એન્ડ્રુ મેકડોનાલ્ડનું માનવું છે કે આવતા મહિને શરૂ થનારી પાંચ ટેસ્ટ મેચની બોર્ડર ગાવસ્કર ટ્રોફી શ્રેણી દરમિયાન ભારતને મોહમ્મદ શમીની ખોટ વર્તાશે પરંતુ ઉમેર્યું હતું કે તેમની ટીમ આ અનુભવી ફાસ્ટ બોલરની જગ્યા લેનાર નવા બોલર્સને હળવાશમાં નહીં લેશે.

પગની ઘૂંટીની ઈજાને કારણે તે ગયા વર્ષે નવેમ્બરમાં વન-ડે વર્લ્ડકપની ફાઈનલ બાદ કોઈ મેચ રમ્યો નથી.

પત્રકારો સાથે વાત કરતા મેકડોનાલ્ડે કહ્યું, ‘શમીની ગેરહાજરી તેમના માટે મોટો આંચકો છે. જે પ્રકારે અમારા બેટ્સમેન તેના હાર ન માનવાના વલણ, તેની લાઈન અને લેન્થ અંગે વાત કરે છે તેને જોતા લાગે છે કે ભારતને તેની ખોટ વર્તાશે.’ ઓસ્ટ્રેલિયા પ્રવાસ માટે ફાસ્ટ બોલિંગ વિભાગની આગેવાની જસપ્રીત બુમરાહ કરશે તેમની સાથે હર્ષિત રાણા અને નીતિશ કુમાર રેડ્ડી, આકાશ દીપ અને પ્રસિદ્ધ કૃષ્ણા બોલિંગ કરશે. મેકડોનાલ્ડે ઉમેર્યું, ‘પણ અમને ખબર છે કે અગાઉ શું થયું હતું. તેમના રીઝર્વ ખેલાડીઓએ શાનદાર પ્રદર્શન કરી ભારતની જીતમાં મહત્વની ભૂમિકા નિભાવી હતી.’

# હું ચાહકો અને બીસીસીઆઈ પાસે માફી માગુ છું: ટીમમાં સામેલ ન થયા બાદ શમીએ કહ્યું

**હું** ખૂબ જ જલ્દી રેડ બોલ ક્રિકેટ રમવા માટે તૈયાર થઈશ

નવી દિલ્હી, તા. 27 (પીટીઆઈ): ભારતીય ફાસ્ટ બોલર મોહમ્મદ શમીએ પ્રશંસકો અને ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડની (BCCI) માફી માગી છે કારણ કે બોર્ડે ઓસ્ટ્રેલિયા પ્રવાસ માટે તેની વાપસીમાં ઉતાવળ ન કરવાનો નિર્ણય લીધો છે કારણ કે તેણે હજુ સુધી મેચ ફિટનેસ પાછી મેળવી નથી.

શમીએ સર્જરી કરાવ્યા બાદ નેશનલ ક્રિકેટ એકેડમીમાં (NCA) પોતાનું ‘રિહેબિલિટેશન’ પૂર્ણ કર્યું. પરંતુ તેના ઘૂંટણમાં સોજાને કારણે તેની પુનરાગમનની યોજનાને રોકી દેવામાં આવી હતી. જો કે, શમીએ તાજેતરમાં જ જાહેરાત કરી હતી કે તેને કોઈ દુખાવો નથી. શમીએ ઈન્સ્ટાગ્રામ પર તેની ટ્રેનિંગનો એક વીડિયો પોસ્ટ કર્યો અને કહ્યું કે તે જલ્દી જ કમબેક કરશે.

34 વર્ષીય બોલરે કહ્યું, ‘હું મારી બોલિંગ ફિટનેસમાં દિવસેને દિવસે સુધારો કરવાનો પ્રયાસ કરી રહ્યો છું. મેચોની તૈયારી કરવા અને ઘરેલુ લાલ બોલની ક્રિકેટ રમવા માટે સખત મહેનત કરવાનું ચાલુ રાખશે. હું તમામ ક્રિકેટ ફેન્સ અને BCCIની પણ માફી માંગુ છું. પરંતુ ખૂબ જ જલ્દી હું રેડ બોલ ક્રિકેટ રમવા માટે તૈયાર થઈશ.’

ઉલ્લેખનીય છે કે શમીને ઓસ્ટ્રેલિયામાં થનારી પાંચ ટેસ્ટ મેચોની સિરીઝ માટે ટીમમાં સામેલ કરાયો નથી.

# ન્યૂઝીલેન્ડે બીજી વન-ડેમાં ભારતીય મહિલા ટીમને 76 રને હરાવી

**ન્યૂઝીલેન્ડે** પ્રથમ બેટિંગ કરતા 259 રન બનાવ્યા, ભારતીય ટીમ 183 રન પર ઓલઆઉટ થઈ



અમદાવાદ, તા. 27 (પીટીઆઈ): ન્યૂઝીલેન્ડે ત્રણ વન-ડે મેચોની સિરીઝની બીજી વન-ડેમાં ભારતીય મહિલા ટીમને રવિવારે અહીં 76 રનથી પરાજિત કરી હતી.

ન્યૂઝીલેન્ડે પ્રથમ બેટિંગ કરતા 9 વિકેટ 259 રન બનાવ્યા હતા ત્યારબાદ તેણે ભારતીય ટીમને 47.1 ઓવરમાં 183 રન પર ઓલઆઉટ કરી હતી. ભારત માટે રાધા યાદવે સૌથી વધુ 48 રન બનાવ્યા હતા.

ન્યૂઝીલેન્ડ માટે સોફી ડિવાઈન અને લિયા તાહુહુએ 3-3 વિકેટ લીધી હતી.

આ પહેલાં પ્રથમ બેટિંગ કરવા ઉતરેલી ન્યૂઝીલેન્ડની ટીમે કેપ્ટન સોફી ડિવાઈનની અડધી સદીની મદદથી ભારત સામે 259 રન બનાવ્યા હતા.

ડિવાઈને 86 બોલમાં સાત ચોગ્ગા અને એક છગ્ગાની મદદથી 79 રન બનાવ્યા હતા. તેણે મેડી ગ્રીન (41 બોલમાં 42 રન) સાથે પાંચમી વિકેટ માટે 82 રનની મહત્વપૂર્ણ ભાગીદારી કરીને ન્યૂઝીલેન્ડને મોટા સ્કોર સુધી પહોંચાડ્યું હતું.

ન્યૂઝીલેન્ડની ઓપનર સુઝી બેટ્સ (70 બોલમાં 58 રન) અને જ્યોર્જિયા પ્લિમરે (50 બોલમાં 41 રન) 16 ઓવરમાં 87 રનની ભાગીદારી કરીને ટીમને શાનદાર શરૂઆત અપાવી હતી.

જો કે, આ પછી ભારતે ત્રણ વિકેટ લઈને શાનદાર વાપસી કરી હતી. રાધા યાદવે દીપ્તિ શર્માના બોલ પર જ્યોર્જિયા પ્લિમરનો શાનદાર કેચ લઈને ભારતને પ્રથમ સફળતા અપાવી હતી. તેણે વધુ એક શાનદાર કેચ કરી બ્રુક હાલિડેના રૂપમાં પ્રિયા મિશ્રાને આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં પ્રતમ વિકેટ અપાવી હતી.

## લુઈસની સદી, વેસ્ટઈન્ડિઝે શ્રીલંકાને 8 વિકેટે હરાવ્યું



પાલ્લેકલ (શ્રીલંકા), તા. 27 (એપી): એવિન લુઈસના અણનમ 102 રનની મદદથી વેસ્ટઈન્ડિઝે શનિવારે વરસાદથી પ્રભાવિત ત્રીજી અને અંતિમ વન-ડે મેચમાં ડકવર્થ-લુઈસ પદ્ધતિથી શ્રીલંકાને આઠ વિકેટે હરાવ્યું હતું.

જો કે શ્રીલંકાએ પહેલાં જ શ્રેણી 2-1થી પોતાને નામે કરી હતી.

2021 પછી તેની પ્રથમ વનડે રમી રહેલા લુઈસે 61 બોલમાં છગ્ગા વડે તેની પાંચમી સદી પૂરી કરી અને ટીમને લક્ષ્ય સુધી પહોંચાડી હતી. ઓપનિંગ બેટ્સમેને 51 રનના સ્કોર પર પગમાં ઈજા થઈ હોવા છતાં રમત ચાલુ રાખી.

પ્રથમ બેટિંગ કરતા શ્રીલંકાએ ત્રણ વિકેટે 156 રન બનાવ્યા હતા પરંતુ આ પછી વરસાદના કારણે રમત પાંચ કલાક રોકી દેવામાં આવી હતી અને મેચ 23 ઓવરની કરી દેવામાં આવી હતી. વેસ્ટ ઈન્ડિઝને 195 રનનો ટાર્ગેટ મળ્યો હતો અને ટીમે 22 ઓવરમાં બે વિકેટે 196 રન બનાવીને જીત મેળવી હતી.

# અફઘાનિસ્તાન પ્રથમ વખત બન્યું ઈમર્જિંગ એશિયા કપ ચેમ્પિયન

ઓમાન, તા. 27: શ્રીલંકા-એ અને અફઘાનિસ્તાન-એ વચ્ચે અલ અમીરાત ક્રિકેટ ગ્રાઉન્ડમાં ઈમર્જિંગ એશિયા કપ-2024ની ફાઈનલ મેચ રમાઈ હતી જેમાં અફઘાનિસ્તાને 7 વિકેટ વિજય મેળવ્યો હતો. આ સાથે જ અફઘાનિસ્તાન પ્રથમ વખતે જૂનિયર સ્તરે એશિયાની ચેમ્પિયન ટીમ બની છે.

શ્રીલંકાએ ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય લીધો હતો. તેણે 20 ઓવરમાં 7 વિકેટ ગુમાવી 133 રન બનાવ્યા હતા. શ્રીલંકા-એ માટે સૌથી વધુ 64 રન સહાન અરાચ્ચિગેએ બનાવ્યા હતા જો કે બાકીના ટોચના બેટ્સમેન નિષ્ફળ ગયા હતા.

134 રનના લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી અફઘાનિસ્તાન-એની શરૂઆત સારી રહી ન હતી. ઓપનર જુબૈદ અકબરી પ્રતમ બોલ પર જ આઉટ થયો હતો. જો કે બાદમાં સેદીકુલ્લાહ અટલે એક છેડા પર ધૈર્યપૂર્વક રમતા અણનમ 55



રન બનાવ્યા હતા. તેની શાનદાર ઈનિંગની મદદથી અફઘાનિસ્તાને 18.1 ઓવરમાં 3 વિકેટ ગુમાવી લક્ષ્યાંક હાંસલ કર્યો હતો અને ટીમ ઈમર્જિંગ એશિયા કપ ચેમ્પિયન બની હતી.

અફઘાનિસ્તાને આ પહેલાં સેમીફાઈનલમાં તિલક વર્માની કેપ્ટનશીપવાળી ઈન્ડિયા-એને 20 રને હરાવી હતી.

## બાબરની જગ્યાએ મોહમ્મદ રીઝવાન પાકિસ્તાનની લિમિટેડ ઓવરની ટીમનો કેપ્ટન

લાહોર, તા. 27 (પીટીઆઈ): પૂર્વ કેપ્ટન બાબર આઝમ અને ફાસ્ટ બોલર્સ શાહીન શાહ આફ્રિદી અને નસીમ શાહની ઓસ્ટ્રેલિયામાં થનારી લિમિટેડ ઓવરની સીરિઝ માટે રવિવારે પાકિસ્તાનની ટીમમાં વાપસી થઈ હતી. પાકિસ્તાની સિલેક્ટર્સે આવતા મહિનાથી શરૂ થનારા ઓસ્ટ્રેલિયા અને ઝિમ્બાબ્વે પ્રવાસ માટે વન-ડે અને ટી-20 ટીમની જાહેરાત કરી હતી. બાબર આઝમની જગ્યાએ વિકેટકીપર અને બેટ્સમેન મોહમ્મદ રીઝવાનને પાકિસ્તાનની વન-ડે અને ટી-20 ટીમનો કેપ્ટન બનાવવામાં આવ્યો છે.

**ઓસ્ટ્રેલિયા પ્રવાસ માટે વન-ડે ટીમ:**

આમિર જમાલ, અબ્દુલ્લા શફીક, અરાફાત મિન્હાસ, બાબર આઝમ, ફૈઝલ અકરમ, હરિસ રઉફ, હસીબુલ્લાહ, કામરાન ગુલામ, મોહમ્મદ હસનૈન, મોહમ્મદ રિઝવાન, મોહમ્મદ ઈરફાન ખાન, નસીમ શાહ, સામ અયુબ, સલમાન અલી આગા અને શાહીન શાહ આફ્રિદી.

# લા-લીગા: લેવાન્ડોવસ્કીના બે ગોલ, બાર્સેલોનાએ રિયલ મેડ્રીડને 4-0થી હરાવ્યું

**એમબાપ્પેને** પ્રથમ ક્લાસિકો મેચમાં નિરાશા મળી



બાર્સેલોના, તા. 27 (એપી): રોબર્ટ લેવાન્ડોવસ્કીના બે ગોલની મદદથી બાર્સેલોનાએ શનિવારે અહીં લા લીગા ફૂટબોલ ટુર્નામેન્ટમાં રિયલ મેડ્રિડ પર 4-0થી એકતરફી જીત નોંધાવી હતી. કિલીયન એમબાપ્પેની આ સીઝનમાં પ્રથમ ‘ક્લાસિકો’ મેચ હતી જેને લેવાન્ડોવસ્કી અને લામિન યામલે બગાડી હતી.

આ હાર સાથે મેડ્રિડનું લા લીગામાં 42 મેચના અજેય અભિયાનનો પણ અંત આવ્યો. બાર્સેલોનાના 2017-18માં બનાવેલા રેકોર્ડથી મેડ્રીડ એક મેચ પાછળ રહી ગયું હતું.

ગયા વર્ષે 23 સપ્ટેમ્બર પછી લા લીગામાં કાર્લો એન્સેલોટીની ટીમની આ પ્રથમ હાર છે.

# WTT ચેમ્પિયન્સ ટુર્નામેન્ટ: મનિકા બત્રા ક્વાર્ટર ફાઈનલમાં હારીને બહાર થઈ

**મનિકા** ચીનની ક્વિઆન તિઆની સામે 8-11, 8-11, 10-12થી હારી



નવી દિલ્હી, તા. 27 (પીટીઆઈ): સ્ટાર ટેબલ ટેનિસ ખેલાડી મનિકા બત્રા ફ્રાન્સના મોન્ટપેલિયરમાં ચાલી રહેલી WTT ચેમ્પિયન્સ ટુર્નામેન્ટમાંથી બહાર થઈ હતી તેને ક્વાર્ટર ફાઈનલમાં ચીનની ક્વિઆન તિઆની સામે સીધી ગેમમાં પરાજયનો સામનો કરવો પડ્યો હતો.

વિશ્વમાં 30માં ક્રમની ભારતીય ખેલાડીને શનિવારે રાત્રે રમાયેલી મેચમાં માત્ર 25 મિનિટમાં તિઆની સામે 8-11, 8-11, 10-12થી હારનો સામનો કરવો પડ્યો હતો.

કોમનવેલ્થ ગેમ્સમાં ઘણા મેડલ જીતી ચૂકેલી મનિકાએ ત્રણેય ગેમ્સમાં પ્રતિસ્પર્ધીને સારી લડત આપી હતી.

## દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

### વાજીકર પ્રયોગ

કવચ બીજ ચૂર્ણ, એખરા બીજ ચૂર્ણ અને સાકર સમભાગે ભેળવી ધરોષ્ણ દૂધ રોજ સવારે પીવું . ત્રણ મહિના પ્રયોગ કરવો

## સુડોકુ - ‘ક્રુઝ’ ૬૦૪૮


| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | ૩ | | | | ૫ | | ૭ | |
| ૭ | | | ૪ | ૩ | | ૯ | ૮ | ૨ |
| ૮ | | | | | | ૪ | ૫ | |
| ૫ | ૮ | ૨ | | | | | ૧ | |
| ૩ | ૪ | | | | | ૮ | ૬ | |
| | | ૬ | ૮ | | ૩ | ૨ | | ૫ |
| | ૫ | | | | | ૭ | ૨ | |
| | | | ૭ | | | ૫ | | |
| ૨ | | | ૫ | | | ૧ | | ૪ |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજી વાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.



## શબ્દગુંફન - ૬૮૦૪

અરવિંદ એસ. મારૂ




**આડી ચાવી**

૧. વરદાન દેનાર, કૃપાળુ (૩)
૩. સુવાસ પ્રસરવી તે (૫)
૬. ઘોડા-બળદની ચાલ (૩)
૭. અઢી કિ.મી.નું અંતર (૨)
૯. ઘોડી (૩)
૧૦. પહેલવાન (૨)
૧૨. કથા, કહાણી (૩)
૧૩. મનુષ્ય (૨)
૧૫. તીવ્ર ઇચ્છા, પ્યાસ (૩)
૧૭. અનિમેષ નજર (૨)
૧૯. આનંદ, લહેર (૨)
૨૦. ભાષા, બોલી (૨)
૨૧. ખેલ (૩)
૨૨. કાપવાનું એક ઓજાર (૩)
૨૪. ઉપાય, ઇલાજ (૨)
૨૫. વીતી ચૂકેલું (૨)
૨૬. સંભાષણ, ગપ્પાં (૪)
૨૯. વાદવિવાદ, તાંતણો (૨)
૩૦. પ્યાલો (૨)
૩૨. કમનસીબ (૪)
૩૪. કાળ, વખત (૩)
૩૫. ઉપવાસ (૪)

**ઊભી ચાવી**

૧. વલોપાત, સળવળાટ (૫)
૨. ચોકીદાર (૪)
૩. ઘા ઉપર ચોપડવાનું ઔષધ (૩)
૪. પૃથ્વી (૨)
૫. ઇશારો કે સૂચના (૩)
૮. પજવણી, હેરાનગતિ (૪)
૧૧. ટેવ, વ્યસન (૨)
૧૨. વસવાટ, રહેવું તે (૨)
૧૪. જુદી જુદી જાતની રમતો (૬)
૧૬. સાવ સહેલી વાત (૫)
૧૮. ઝરણું (૪)
૨૩. લીન (૨)
૨૭. ચીકણાપણું (૪)
૨૮. તપસ્યા (૨)
૨૯. અછત, તાણ (૨)
૩૧. રગ, વલણ (૨)
૩૨. ઘોડો (૨)
૩૩. રાંધેલા ચોખા (૨)



## આજનું પંચાંગ

**તા. 28/10/2024, સોમવાર**

**વિક્રમ સંવત :** 2080 **શાકે :** 1946
**વીર સંવત :** 2550 **માસ :** આસો
**તિથિ:** વદ:- અગિયારસ: 07:51 પછી બારસ
**અયન :** દક્ષિણાયન **ઋતુ :** હેમંત
**રાષ્ટ્રિય દિનાંક :** કારતક:06
**નક્ષત્ર :** પૂ.ફા.: 15:24, **યોગ:**બ્રહ્મ **કરણ :** કૌવલ
**રાશિ :** સિંહ (મ,ટ) 22:11 પછી કન્યા (પ.ઠ.ણ.)
**દિવસ :** મિશ્ર : રમા એકાદશી સુધી 07:51 પછી વાઘ બારસ, ગોવત્સદ્વાદશી
**સુરતમાં સૂર્યોદય :** 06:41 **સુરતમાં સૂર્યાસ્ત :** 18:04
**નવકારસી :** 07:29
**પારસી વર્ષ :** 1394, ખોરદાદ માસનો 15મો રોજ
**મુસલમાન વર્ષ :** 1446 રબિઉલ આખર માસનો 24મો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત
**રાત્રિનાં ચોઘડિયાં:** ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ
**રાહુ કાળ :** સવારે: 07:30 થી 19:00 સુધી

## આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

**મેષ (અ.લ.ઇ.):** રચનાત્મક કામમાં સફળતા મળે. સત્સંગ થાય. અચાનક નવો પ્રસ્તાવ ઉત્સાહિત કરશે.

**વૃષભ (બ.વ.ઉ.):** કુટુંબજીવનમાં ઉત્સાહ વધે તેવા કામ થાય. વાહન સાવધાનીથી ચલાવવું. વિવાદ ટાળવો.

**મિથુન (ક.છ.ઘ.):** બીજાને મદદ કરવાની તક મળશે. પડોશીઓ સાથે વિવાદ ટાળવો. પ્રવાસ થાય.

**કર્ક (ડ.હ.):** પારિવારિક સમસ્યાનું સમાધાન થાય. ઉઘરાણી આવી શકે છે. સંતાનોના કામની યોજના બને.

**સિંહ (મ.ટ.):** આનંદ-પ્રમોદ માટે પ્રવાસ થાય. નોકરી ધંધાનાં કામ પાર પડશે. દાંપત્યજીવનમાં આનંદ મળે.

**કન્યા (પ.ઠ.ણ.):** કોર્ટ કચેરીમાં સાવધાની રાખવી. સંતાનોની ચિંતા અને ખર્ચા વધશે.

**તુલા (ર.ત.):** વિદ્યાર્થીઓને સફળતા મળે. મનગમતા લોકો સાથે સ્વાદિષ્ટ ભોજનનો આનંદ મળે.

**વૃશ્ચિક (ન.ય.):** મકાન, જમીન, મિલકત અને સંતાનો સંબંધિત કામ થાય. નવા કામ થાય.

**ધન (ભ.ધ.ફ.ઢ.):** પરિશ્રમનું ફળ મળે. નવી નોકરી ધંધાની યોજના બને.

**મકર (ખ.જ.):** પ્રામાણિક અને બૌદ્ધિક લોકોને અચાનક સફળતા મળે. આરોગ્ય સાચવવું.

**કુંભ (ગ.સ.શ.ષ.):** ભાગીદારીની યોજના પાર પડે. દાંપત્યજીવનમાં તાલમેળ વધશે.

**મીન (દ.ચ.ઝ.થ.):** સ્વભાવ સ્વતંત્ર અને નિડર બનશે. શત્રુઓની પીછેહઠ થાય. નોકરીમાં પ્રગતિ થાય .

## કોઇ પણ સાલમાં 28 ઓક્ટોબરે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સામાન્ય અને નવી તકો સાથે સંઘર્ષવાળુ રહે. છતાં આવક બાબતે પ્રગતિથી નવી બચત યોજના પાર પડનાર પુરવાર થશે. શરૂઆતનો સમય સંઘર્ષવાળો અને ચડતી પડતીનો છે. પણ મકાન, વાહન, ઘર બાબતે અનુકૂળતા રહેશે. નોકરી-ધંધા - વ્યવસાયમાં ટેકનોલોજીનો લાભ મળે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં પ્રગતિ થાય. સમાજમાં પ્રતિષ્ઠા વધે. ઉંમરલાયકના વિવાહ થાય. વિદેશ પ્રવાસ, વિદ્યાભ્યાસ તથા આયાત-નિકાસના કામમાં પ્રગતિ થાય. વિદ્યાર્થીઓને મદદ મળે. સંતાનોની પ્રગતિ થાય. મિત્રો વડીલો નવી આવક માટે મદદરૂપ બને. વારસો, જાયદાદ, જમીનમાં અનુકૂળતા રહે-પ્રવાસમાં છેતરાઈ જવાનો ભય રહેશે. જુલાઈ-ઓગસ્ટમાં નવી નોકરીની યોજના પાર પડશે. નવેમ્બર-ડિસેમ્બરમાં ખર્ચા વધશે.



















